# ગેંગ રેપના આરોપીઓને ફાંસીથી ઓછી સજા નહીં

## ગાંધીનગરના મહિલા સમાજનો આક્રોશ

ગાંધીનગર, તા.૨૯

દિલ્હીમાં ગેંગરેપની પિડીતાના મૃત્યુના સમાચારે સમગ્ર દેશમાં ખળભળાટ મચાવ્યો... ગામે ગામ અને શહેરે-શહેર ઘટનાના ઉગ્ર પ્રત્યાઘાતો સર્જાયા હતા... ગાંધીનગરના યુવા સમુદાયે ભારે આક્રોશ વ્યક્ત કરી આરોપીઓને કડકમાં કડક સજા કરવા માંગણી કરી હતી. જેના સંદર્ભે મોડીસાંજે ઘ-૪ના સર્કલ પાસે કેન્ડલ માર્ચ યોજી હતી. નગરની મહિલા આગેવાનોએ પણ ગાંધીનગર સમાચાર સાથે વાત કરતાં સમગ્ર ઘટના અંગે ઉગ્ર પ્રત્યાઘાતો વ્યક્ત કર્યા હતા.

આપણા દેશમાં ક્યારેય આવું બનવું ન જોઈએ. મહિલાઓને સન્માન આપવાની સામે જાહેરમાં આબરૂ લેવાની આ ઘટના ખૂબ દુખ પહોંચાડે તેવી છે. પિડીત યુવતિના આત્માની શાંતિ માટે બ્રહ્માકુમારીઝ દ્વારા યોગ કરવામાં આવ્યો હતો. રવિવારે પણ પિડીતને શ્રદ્ધાંજલી અર્પવા યોગ કરવામાં આવશે. આજના સમયે બહેનોને પણ વિશેષ જાગૃત રહેવાની અનિવાર્યતા છે. દોષિતોને સખતમાં સખત સજા થવી જોઈએ.

**- કૈલાસદીદી**
**(બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય)**

ગેંગ રેપની ઘટનામાં યુવતિનું મોત નિપજ્યું છે તે અત્યંત દુખદાયક બાબત છે. આ ઘૃણાસ્પદ ઘટના સમગ્ર દેશ અને સરકારી તંત્ર તેમજ સમાજ માટે લાલબત્તી સમાન કિસ્સો છે. આવી ઘટના ભવિષ્યમાં ન બને તે માટે દોષિતોને સખતમાં સખત સજા થવી જોઈએ. તમામ રાજ્યોની સરકારોએ આવશ્યક નિયમો બનાવી આવી ઘટનાઓ ન બને તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**- અમૃતાબેન પટેલ**
**પ્રિન્સીપાલ, ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ**

દિલ્હીમાં થયેલા ગેંગ રેપની ઘટના અને ત્યારબાદ યુવતિનું મૃત્યુ અત્યંત દુખદ બાબત છે. કોઈપણ વ્યક્તિ બળાત્કાર કરવાનું તો શું પણ તે દિશામાં વિચારવાની પણ હિંમત ન કરે તેવો કડક કાયદો બનવો જોઈએ. સમાજ માટે કલંકરૂપ ગણાય તેવો આ કિસ્સો છે. કાયદો કડક બનાવવાની સાથોસાથ તેનું અમલીકરણ પણ ચૂસ્ત થવું જોઈએ, જે સજાને જોઈને અન્ય આવા નરાધમો વિચારીને પણ કાંપી ઊઠે !

**- ઉષા રાડા, ડીવાયએસપી**

દેશમાં બળાત્કારના કિસ્સાઓનું પ્રમાણ વધી રહ્યું છે. દિલ્હી ગેંગ રેપની પિડીતાના મૃત્યુથી દેશ શોકમગ્ન બન્યો છે. ત્યારે દોષિતોને ફાંસીએ લટકાવવા જોઈએ. છોકરીઓને શાળામાંથી જ સ્વરક્ષણની કરાટે જેવી તાલીમ અપાવવી જોઈએ. આવા ઘૃણાસ્પદ બનાવો ફરી ન બને તે માટે કડક પગલાં લેવાય તે અનિવાર્ય છે.

**- લતાબેન ચોકસી**
**(પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ)**

કોઈપણ વ્યક્તિ આ પ્રકારનું કૃત્ય આચરવાની હિંમત ન કરે તેવી સજા શોધિતોને થવી જોઈએ. કોઈને ફરી ક્યારેય આવો વિચાર સૂઝે પણ નહીં અને આવી હિંમત થાય પણ નહીં તે માટે દોષિતોને જાહેરમાં સજા કરવી જોઈએ. અન્યને સજાથી ડર લાગે તેવી સજા કરવી જોઈએ અને મહિલાઓએ ચૂપ ન બેસવું જોઈએ. સ્વરક્ષણ માટે મજબૂત બનવું જોઈએ. દોષિતોને આકરી સજા થાય તે ખૂબ અનિવાર્ય છે.

**- ડો. તેજલ દલાલ, (આંખના સર્જન)**

ગેંગ રેપનો ભોગ બનનાર યુવતિના મોતથી દેશ શોકમાં ગરકાવ થઈ ગયો છે. આ ઘટના બાદ યુવાપેઢીએ જન આંદોલનના માધ્યમથી મેસેજ આપ્યો છે. દોષિતોને આકરી સજા થવી જોઈએ. ક્રાંતિ થવી જોઈએ. ભવિષ્યમાં આવું કરવા માટે વિચાર ઉદ્‌ભવે તો પણ કમકમાટી થાય તેવી સજા કરવી જોઈએ.

**- પ્રજ્ઞા પટેલ**
**(સાહિત્ય સર્જક, મહિલા અધિકારી)**

દિલ્હી ગેંગ રેપના આરોપીઓ માટે ફાંસીથી ઓછું કાંઈ ન ખપે. પોલીસ આવી ઘટના વેળાએ સમયસર પહોંચતી નથી. ત્યારે અમુક જરૂરી સ્થળોએ સીસીટીવી કેમેરા મૂકવાની પણ અનિવાર્યતા છે. આપણા દેશમાં કાયદો બને છે પણ નિયમોનો અમલ થતો નથી. નીતિ-નિયમો કાગળ પર રહે છે. દિલ્હી ગેંગ રેપના દોષિતોને કડકમાં કડક સજા થવી જોઈએ. આવી ઘટના ફરી ક્યારેય ન બને તેવી કડક વ્યવસ્થા થવી ખૂબ અનિવાર્ય છે.

**- ચેતના ભૂટ**
**(શિક્ષિકા અને મહિલા અગ્રણી)**

દિલ્હીની ગેંગ રેપની પિડીતાનું મૃત્યુ ખૂબ જ દુખદ ઘટના છે. આ પ્રકારનું અધમ કૃત્ય કરતા પહેલાં કૃત્ય કરનારે પોતાના પરિવાર તરફ નજર ફેંકવી જોઈએ. જો આવું જ કૃત્ય પરિવારના કોઈ મહિલા સદસ્ય સાથે બને તો શું થાય ? તો કેટલાક અંશે યુવતીઓએ પણ જાગૃત થવાની જરૂર છે. સેલ્ફ પ્રોટેક્શનની તાલીમ લેવી જરૂરી છે. જે બાબતે પણ યુવતિઓએ ગંભીરતાપૂર્વક વિચારવું જરૂરી છે.

**- અપૂર્વા રાવલ**
**(વિદ્યાર્થીની)**

(તસવીર : દિપક જાની)

એક શરમજનક ઘટના પછી દેશ સ્તબ્ધ છે, શોકમગ્ન છે અને લાગણીશીલ પણ બની ગયો છે. ઠેર-ઠેર આ બાબતની સાબિતી આપતાં દ્રશ્યો જોઈ શકાય છે એમ ગાંધીનગરમાંય શનિવારે મોડી સાંજે આ દ્રશ્ય જોવા મળ્યું હતું. આ વખતે કરવા જેવું છે તો એક જ કામ, કે આ ઉશ્કેરાટને દર વખતની જેમ ઊભરો ગણીને થોડા સમય પછી ભુલી જવા જેવું નથી. આ વખતે નક્કર પરિણામ લઈને જ જંપવા જેવું છે. એવું આંદોલન ચલાવવા જેવું છે કે ફરી આ પ્રકારના આંદોલનો કે દેખાવ કરવાની જરૂરિયાત જ ન ઊભી થાય. પ્રજ્વલિત રાખજો હૈયામાં આ આગ, ભવિષ્યમાં એનાથી ઘણાને શાતા મળશે.

## રેલી કે દેખાવથી નહીં, પણ થર્ટી ફર્સ્ટની ઉજવણીના બહિષ્કારથી ખરા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પણ થશે...!

ગાંધીનગર, તા.૨૯

દિલ્હી ગેંગરેપની ઘટનાએ દેશભરમાં ચોતરફ હાહાકાર મચાવી દીધો છે ત્યારે મોડી રાત્રે પિડીતાનું મૃત્યુ થઈ જતાં ઠેર ઠેર રેલીઓ તથા દેખાવો ઉગ્ર બન્યા છે. ચકચારી ઘૃણાસ્પદ ઘટનાને વખોડવા અને દોષિતોને આકરામાં આકરી સજા અપાવા નાગરિકો તથા ખાસ કરીને યુવા પેઢી મેદાને આવી ગઈ છે તે એક સારી બાબત છે. પરંતુ રેલી તથા કેન્ડલ અને દેખાવાથી મૃત્યુને ભેટેલી પિડીતાને શ્રધ્ધાંજલિ નહીં આપી શકાય તે બાબત પણ તેટલી જ સાચી છે. જો સાચા અર્થમાં પિડીતાને શ્રધ્ધાંજલિ આપવી હોય તો છેડતી તથા બળાત્કારના ગુનાને પ્રેરકબળ પુરું પાડતા થર્ટી ફર્સ્ટની ઉજવણીનો કમ સે કમ આ વર્ષે બહિષ્કાર કરીને આપો તેમ શહેરભરમાં ઠેર ઠેર ચર્ચાઈ રહ્યું છે. ઉલ્લેખનીય બાબત એ છે કે બહુ ચર્ચિત બિજલ જોષી કાંડ પણ ૩૧ ડીસેમ્બરે બનવા પામ્યો હતો અને તે સિવાય પણ દારૂના નશામાં દેશભરમાં સંખ્યાબંધ સ્થળે યોજાતી ડી.જે. નાઈટની પાર્ટીમાં છેડતીઓ તથા બળાત્કારના સંખ્યાબંધ ગુનાઓ બને છે જેથી સાચા અર્થમાં ઉપરોકત ઘટનાનો વિરોધ અને ભોગ બનનાર યુવતીને શ્રધ્ધાંજલિ આપવા માંગતા શહેરીજનો થર્ટી ફર્સ્ટની ઉજવણીનો આ વર્ષે બહિષ્કાર પણ કરનાર છે.

# ગાંધીનગરના ઈતિહાસની સૌથી મોટી ૪૨ કરોડની કરચોરી પકડાઈ

## ત્રણ દિવસ સુધી ઈન્કમટેક્ષ વિભાગની કામગીરી ચાલી : પ્રમુખ ગ્રુપે ૧૧ કરોડની જંગી કરચોરી કબુલી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના ઈતિહાસની સૌથી મોટી કર ચોરીની કબુલાત ત્રણ બિલ્ડર ગ્રુપને ત્યાં પાડવામાં આવેલ ઈન્કમટેક્ષ વિભાગનાં દરોડામાં થવા પામી છે. બે બિલ્ડર ગ્રુપની સ્કુટીનીમાં ૩૧ કરોડની કરચોરીની કબુલાત થવા પામી હતી જયારે ત્રીજા ગ્રુપ (પ્રમુખ ગ્રુપ)ના હિસાબો તથા દસ્તાવેજોની ચકાસણી કામગીરી આજ સવાર સુધી ચાલી હતી. જેમાં ૧૧ કરોડની જંગી કરચોરી બહાર આવવા પામી છે. ઉલ્લેખનીય છે કે દિવાળી પૂર્વે કલોલના બિલ્ડર ગ્રુપને ત્યાં પડેલા દરોડામાં ૨૫ લાખની કરચોરી ખુલી હતી જયારે બાલાજી અગોરા મોલમાં પડેલા દરોડામાં ૧૫ કરોડની કરચોરી બહાર આવી હતી તો બીજી તરફ બે દિવસ પહેલા ઈન્કમટેક્ષે ગાંધીનગર શહેરના ૩ બિલ્ડર ગ્રુપને ત્યાં પાડેલા દરોડામાં ગાંધીનગર શહેરના ઈતિહાસની સૌથી મોટી કર ચોરીની કબુલાત થવા પામી છે. ત્રણેય બિલ્ડર ગ્રુપની મળીને રૂ. ૪૨ કરોડની કરચોરી ખુલતા શહેરમાં સન્નાટો મચી જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરના ઈતિહાસની સૌથી મોટી કર ચોરીની કબુલાત ત્રણ બિલ્ડર ગ્રુપને ત્યાં પાડવામાં આવેલ ઈન્કમટેક્ષ વિભાગનાં દરોડામાં થવા પામી છે. બે બિલ્ડર ગ્રુપની સ્કુટીનીમાં ૩૧ કરોડની કરચોરીની કબુલાત થવા પામી હતી જયારે ત્રીજા ગ્રુપ પી.એસ.વાય.ના દસ્તાવેજોનું એસેસમેન્ટ આજ સવાર સુધી ચાલ્યું હતું. આ ગ્રુપે ૧૧ કરોડની જંગી કરચોરીની કબુલાત કરી છે. શહેરના ઈતિહાસની સૌથી મોટી ૪૨ કરોડની કરચોરી ત્રણ બિલ્ડર ગ્રુપે કરી હોવાનું સર્ચ ઓપરેશન અને સ્કુટીની બાદ બહાર આવ્યું છે.

ગાંધીનગર શહેરનાં ત્રણ મોટા બિલ્ડર ગ્રુપને ત્યાં ઈન્કમટેક્ષ વિભાગનાં દરોડા બાદ વિવિધ ટીમોના ૧૦૦થી વધુ કર્મચારી અધિકારીઓ દ્વારા હિસાબો તથા સર્ચ અને સ્કુટીની સહિતની કામગીરી ત્રણ દિવસ સુધી ચાલી હતી. બેદિવસમાં બે બિલ્ડર ગ્રુપ શાલીન ગ્રુપ અને વિનાયક ગ્રુપના તમામ દસ્તાવેજો અને મિલ્કતોની ચકાસણી કર્યા બાદ ૩૧ કરોડની કરચોરી ખુલવા પામી હતી જયારે પી.એસ.વાય. ગ્રુપ (પ્રમુખ ગ્રુપ)ના હિસાબો તથા દસ્તાવેજોની ચકાસણી કામગીરી આજ સવાર સુધી ચાલી હતી. જેમાં ૧૧ કરોડની જંગી કરચોરી બહાર આવવા પામી છે. ઉલ્લેખનીય છે કે દિવાળી પૂર્વે કલોલના બિલ્ડર ગ્રુપને ત્યાં પડેલા દરોડામાં ૨૫ લાખની કરચોરી ખુલી હતી જયારે બાલાજી અગોરા મોલમાં પડેલા દરોડામાં ૧૫ કરોડની કરચોરી બહાર આવી હતી તો બીજી તરફ બે દિવસ પહેલા ઈન્કમટેક્ષે ગાંધીનગર શહેરના ૩ બિલ્ડર ગ્રુપને ત્યાં પાડેલા દરોડામાં ગાંધીનગર શહેરના ઈતિહાસની સૌથી મોટી કર ચોરીની કબુલાત થવા પામી છે. ત્રણેય બિલ્ડર ગ્રુપની મળીને રૂ. ૪૨ કરોડની કરચોરી ખુલતા શહેરમાં સન્નાટો મચી જવા પામ્યો છે.

# ગાંધીનગરમાં ગાત્રો થીજવી દેતી ઠંડી

## રાજ્યભરના કેટલાક વિસ્તારોમાં આગામી ૩૬ કલાક સુધી કોલ્ડવેવ ફરી વળવા હવામાન વિભાગની ચેતવણી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સહિત રાજ્યભરમાં કોલ્ડવેવ યથાવત રહ્યો છે. આજે સતત ચોથે દિવસે પણ ઠંડીનું પ્રમાણ ગાંધીનગરના જનજીવન પર અસરકર્તા બન્યું હતું. લઘુતમ તાપમાન ૧૦.૨ ડિગ્રી નોંધાયું હતું.

નલિયા અને ભૂજ સહિત સમગ્ર રાજ્યમાં આજે ગાત્રો થીજાવી દેતી કાતિલ ઠંડી પડતા જનજીવન પર તેની વ્યાપક અસર થઈ છે. કાતિલ ઠંડીના કારણે લોકો ઠુઠવાઈ ગયા છે. અને રાત્રે માર્ગો સુમસામ બની જાય છે. તીવ્ર ઠંડીના કારણે દિવસે પણ લોકોએ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે અને રાત્રે ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હિટરની મદદ લેવી પડે છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને ઠંડીની અસર વધારે થતી હોવાથી તેમની હાલત કફોડી બની છે. રાજ્યમાં સૌથી વધારે ઠંડી નલિયામાં ૫.૫ ડિગ્રી, ભૂજમાં ૭.૭ ડિગ્રી અને કંડલા એરપોર્ટ ખાતે ૮ ડિગ્રી નોંધાઈ છે. હવામાન વિભાગે ચેતવણી ઉચ્ચારી છે કે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી ૩૬ કલાક સુધી કોલ્ડ વેવ ફરી વળવાની શક્યતા છે.

વહેલી સવારે પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી.

## ફિલ્મો પર કડક સેન્સરશિપ જરૂરી : પરિમલ નથવાણી

અમદાવાદ, તા. ૨૯

દિલ્હીમાં સામુહિક બળાત્કારનો ભોગ બનેલી પીડિત મહિલાનું મોત તેના પરિવાર અને સમગ્ર દેશ માટે દુર્ભાગ્યપૂર્ણ છે. આ ક્રુર અને ભયાનક ઘટના પછી સમગ્ર દેશમાં લોક વિવાદ આંદોલન થયુ છે. જેમાં સમગ્ર દેશમાં આક્રોશનું પ્રતિબિંબ પડે છે. પરિમલ નથવાણીએ તેમના નિવેદનમાં જણાવ્યું છે કે મહિલાઓ પ્રત્યે અપરાધો રોકવા ફિલ્મો પર કડક સેન્સરશિપ જરૂરી છે. તેઓએ આ બનાવ અંગે ઉંડી સંવેદના વ્યક્ત કરી છે.

તેમનું કહેવું છે કે મહિલાઓ પણ જાતિયરીતે લોલુપ અને લંપટ પુરુષ વર્ગથી પોતાની ગરીમ જાળવી રાખે તે જરૂરી છે. કોઈ પણ સંજોગોમાં સમાજ આવી ઘટનાને સહન કરી શકે નહીં.

# ગ્લોબલ 'ટ્રેડ શૉ'માં એજયુકેશનને સ્થાન કેનેડા યુનિવર્સિટીનો સેમિનાર યોજાશે

## ફોરેન યુનિવર્સિટીઝ ભાગ લેશે, વિદ્યાર્થી-વાલીઓને માહિતગાર કરાશે

ગાંધીનગર, તા.૨૯

વાઈબ્રન્ટ ગુજરાત અન્વયે ગાંધીનગરમાં હેલીપેડ પાસે ૧ લાખ સ્કવેર મીટરની જગ્યામાં ગ્લોબલ ટ્રેડ શૉ યોજવામાં આવનાર છે. આગામી તા. ૮ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન આ ભવ્ય પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવશે. આ ટ્રેડ શોમાં એજયુકેશન તેમજ ઓટોમોબાઈલ્સ કંપનીનું પેવેલિયન પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. એજયુકેશનનું સેન્ટર પણ ઉભું કરાયું છે. જેમાં વાલીઓ તેમજ યુવા વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રની તમામ માહિતી એક જ જગ્યાએથી ઉપલબ્ધ થશે. કેનેડા સહિતની ફોરેન યુનિવર્સિટી પણ તેમાં ભાગ લઈ એજયુકેશન અંગેનો સેમિનાર રજૂ કરશે.

આગામી વાઈબ્રન્ટ સમિટને લઈ મહાત્મા મંદિર ખાતે ઈન્વેસ્ટર્સ મીટ અને સેમિનાર સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જયારે હેલીપેડ મેદાન ખાતે તા. ૮ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગ્લોબલ ટ્રેડ શોમાં વિવિધ વિષયોને આવરી લેતા પેવેલીયન્સમાં મુલાકાતીઓને રસપ્રદ અને ઉપયોગી માહિતી મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. એક હજાર સ્કવેર મીટરની જગ્યામાં વિવિધ ૨૨ જેટલા ડોમ બનાવી દેવાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રદર્શનમાં એન્જિનિયરીંગ પોટર્સ, શીપ બ્યુલ્ડીંગ, આઈ.ટી. અને નોલેજ તેમજ ટુરીઝમ અને એજયુકેશન સહિતના વિષયોનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત એનવાયરમેન્ટ ટેકનોલોજી ઓઈલ અને ગેસ સેકટર ટેકસટાઈલ, જવેલરી ઉપરાંત ઓટોમોબાઈલ્સ ક્ષેત્રના પેવેલીયન્સ પણ ઉભા કરાશે. પ્રદર્શનમાં એજયુકેશન સંદર્ભેની રસપ્રદ માહિતી પણ એક જ જગ્યાએથી મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. વાલીઓ તેમજ યુવા સ્ટુડન્ટસને પણ શિક્ષણ સંબંધિત જરૂરી માહિતી પણ પુરી પાડવામાં આવશે. કેનેડા સહિતની ફોરેન યુનિવર્સિટી પણ તેમાં ભાગ લેશે. આ તબક્કે કેનેડા યુનિ. દ્વારા એજયુકેશન અંગેનો એક સેમિનાર પણ યોજવામાં આવશે. ઓટો માબાઈલ્સ ક્ષેત્રના એકઝીબ્યુશનમાં પણ ટાટા, ફોર્ડ, મારૂતિ, એશિયા મોટર્સ સહિતની કંપનીમાં ડેમો રજૂ કરશે. વાઈબ્રન્ટ દરમિયાન વિવિધ વિષય સંદર્ભે યુવાઓને જરૂર મુજબ સ્કીલ એપગ્રેડેશનની તાલીમ પણ અપાશે.


## અંતરના ઉંડાણમાંથી સૌનો આભાર

**શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા**
**ધારાસભ્યશ્રી, ૩૩-પ્રાંતિજ વિધાનસભા**

પ્રાંતિજ - તલોદ વિધાનસભા મત વિસ્તારના આદરણીય વહાલા મતદારશ્રીઓ, અંતરના ઉંડાણમાંથી શુભકામનાઓ પાઠવનારા મારા સ્વજન એવા મિત્રો, કાર્યકર મિત્રો, વડીલ મિત્રો, વેપારી આલમ, યુવાન મિત્રો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ મને વિજયની વરમાળાના લાયક ઉમેદવાર ગણી 'ભવ્ય વિજય' અપાવનાર સ્વજનોને અંતઃકરણપૂર્વક આથી સહૃદયથી આભાર માનું છું. આપના સાથ-સહકાર અને સુચનો થકી તલોદ-પ્રાંતિજ તાલુકાનો સર્વાંગી વિકાસ કરવા હું હંમેશા તત્પર રહીશ. જે સંદર્ભે આપશ્રી દૃઢ વિશ્વાસ રાખશો તેવી યાચના કરું છું.

લિ.
**શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા**
(એડવોકેટ - ધારાસભ્યશ્રી, પ્રાંતિજ - તલોદ કોંગ્રેસ)

શુભેચ્છકો....
**વણઝારા દશરથકુમાર વલાજી**
પત્રકાર - ગાંધીનગર સમાચાર
**શ્રીમતી દક્ષાબેન એસ. પટેલ**
પ્રમુખશ્રી - તલોદ નગર પંચાયત, તલોદ



## બેસણું

અમારા પિતાશ્રી **વાઘેલા કિશોરસિંહ બચાજી** (પેથાપુરવાળા) તા. ૨૫-૧૨-૧૨ને મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૩૧-૧૨-૧૨, સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :** બ્લોક નં. ૬૩૭, એ/૧, સેક્ટર-૩૦, ૨૯/૩૦ બસ સ્ટેન્ડ સામે, 'ચ' રોડ, ગાંધીનગર

**લિ.**
વાઘેલા લાલસિંહ કિશોરસિંહ (ડિરેક્ટર, ગા.ના.કો.બેંક લી.)
વાઘેલા દિપસિંહ કિશોરસિંહ (વ.આ. સુવિધા, સેક્ટર-૩૦, ગાંધીનગર)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૦૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૦૧** E-mail : gandhinagarsamachar@yahoo.com